માન. કુલપતિશ્રીની અધ્યક્ષતામાં પ્લાન યોજનાના ખર્ચની દ્વિતિય સમીક્ષા બેઠક તા.૦૭/૧૦/૨૦૧૫ ના રોજ ૧૦.૦૦ રાખવામાં આવેલ હતી જેની કાર્યવાહી નોંધ : -

---

પ્લાન યોજના હેઠળ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન શિક્ષણ, વિસ્તરણ શિક્ષણ અને સંશોધનની પ્રવૃતિ માટે સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકી સપ્ટેમ્બર ૨૦૧૫ અંતિત યોજનાવાર થયેલ ખર્ચ અને પ્રગતિ અંગેની આજની દ્વિતિય સમીક્ષા બેઠક માન. કુલપતિશ્રીની અધ્યક્ષતામાં મળેલ હતી. જેમાં આયોજન અધિકારી શ્રી વી. એમ. ડુમરએ બેઠકમાં ઉપસ્થિત રહેલા તમામ અધિકારીશ્રીઓને આવકારીને માન. કુલપતિશ્રીના પ્રસંગોચિત ઉદબોધન બાદ યોજનાઓના ખર્ચની સમીક્ષ કાર્યવાહી શરૂ કરવામાં આવી. જેમા વિવિધ યોજનાઓના વડાશ્રીઓએ ખર્ચ-ભૌતિક સિધ્ધિઓ તેમજ ગ્રાન્ટ વધ-ઘટ અંગેની દરખાસ્તો રજુ કરવામાં આવી. વિગતવાર રજુઆતો અને ચર્ચા અંતે નીચે મુજબ નક્કી કરવામાં આવ્યુ.

મુદ્દા નં.-૧ : સરકારશ્રી તરફથી મળેલ અનુદાન જે તે યોજનાના હેતુઓ સિધ્ધ થાય તે મુજબ નિયત સમય મર્યાદામાં વપરાશ થાય તે જોવુ. જેમ કે દરેક ત્રિમાસિક ગાળામાં સમભાગે ખર્ચ થાય તે ખુબજ જરૂરી છે.

મુદ્દા નં.-૨ : દરેક યોજનાના વડાશ્રીઓએ યોજનાના હેતુ મુજબના તાંત્રિક કાર્યક્રમો લેવા તેની તકેદારી રાખવી અને સમયાંતરે વિગતો સક્ષમ અધિકારીશ્રીને મોકલવી.

મુદ્દા નં.-૩ : સરકારશ્રી તરફથી મંજુર થયેલ અનુદાનમાં નોન રીકરીંગ સદરે ફાળવવામાં આવતા સાધનોની ખરીદી સત્વરે કરવી. કોઇ જ સંજોગોમાં હેતુફેર કરવામાં આવશે નહી જેથી કોઇ દરખાસ્ત ન કરવી.

મુદ્દા નં.-૪ : નોન રીકારીંગ/બાંધકામ સદરે બજેટમાં થયેલ આયોજન સિવાયની ખરીદી માટેની માંગણી થઇ શકે નહી જેથી આયોજન જ્યારે બજેટ રજુ કરવામાં આવે તેમાં કરવાનુ હોય છે. વળી આયોજન કરતી વખતે પ્રવર્તમાન બજાર ભાવો/સ્પેસીફીકેશન તપાસીને દરખાસ્ત કરવી જેથી ગ્રાન્ટ વધ-ઘટનો પ્રશ્ન રહે નહી.

મુદ્દા નં.-૫ : જે તે યોજનાના વડાશ્રીઓએ રજુ કરેલ અને ચર્ચા થયા મુજબ ગ્રાન્ટ વધ-ઘટ અંગેની વિગતવાર દરખાસ્ત જ્યારે વધારાની જરૂરિયાતની સ્પષ્ટ વિગતો સાથે આયોજન શાખામાં મોકલી આપવી જેથી ગ્રાન્ટની ફેરફાળવણી કરી શકાય.

મુદ્દા નં.-૬ : અછાલીયા કેન્દ્ર ખાતેની જમીન લેવલીંગની કામગીરી સહ સંશોધન નિયામકશ્રી અને અગાઉ નિયુક્ત કરેલ સમિતિના સંપર્કમાં રહી તાત્કાલિક કાર્યવાહી કરવી.

મુદ્દા નં.-૭ : પ્લાન યોજના અંતર્ગત મંજુર થયેલ યોજનાઓમાં મંજુર થયેલ કરાર આધારિત મહેકમની તાત્કાલિક નિમણુંક થાય તે માટે જે તે યોજનાના વડાશ્રીએ સંબંધિત અધિકારીશ્રી મારફત કુલસચિવશ્રીને પત્ર લખવો.

મુદ્દા નં.-૮ : બ.સ.૧૨૩૦૩ માં મંજુર થયેલ નોન રીકરીંગ સદરે મંજુર થયેલ આઇટમ પાઉચ પેકીંગની ખરીદી ન કરવા અંગેની રજુઆત ગ્રાહ્ય રાખી શકાય નહી, મંજુર થયેલ આઇટમ્ની ખરીદી નિયત સમય મર્યાદામાં કરી કાર્યવાહી પૂર્ણ કરવી તેમજ જો કોઇ ક્ષતિ હોય તો તે માટે કચેરી વડાશ્રીએ જવાબદારી નક્કી કરીને નિયત પગલા લેવા.

અંતમાં આયોજન અધિકારીશ્રીએ મીટીંગમાં હાજર રહેલ તમામ અધિકારીશ્રીઓનો આભાર માની મીટીંગ પુર્ણ જાહેર કરી.

જા.નં.નકૃયુ/સંનિ/આયોજન/બીજી સમીક્ષા/૧૦૧૩૮-૩૯/૨૦૧૫

તા.૦૮/૧૦/૨૦૧૫

સંશોધન નિયામક અને

અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

<u>નકલ સવિનય રવાના</u> : પ્રતિશ્રી,

માન. કુલપતતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારૂ.

<u>નકલ રવાના</u> : પ્રતિશ્રી,

(૧) હિસાબી નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

(૨) વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

(૩) સર્વે યોજનાના વડાશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ તથા અમલ થવા સારૂ.